


# નમસ્કાર ગાંધીનગર

## પમરાટ

અર્જુનના ગાંડિવમાંથી બાણ નીકળે !
'સત્ય મેવ જયતે'નું પ્રમાણ નીકળે !
દુર્યોધનની દાનતનો થાય પછી રકાસ
કૌરવોનો કારમો કચ્ચરઘાણ નીકળે !
સત્યને આવે નહીં ઊની આંચેય કદી
લાક્ષાગૃહથી સલામત પ્રયાણ નીકળે !
રંગાય રક્તથી દ્રૌપદીના ખુલ્લા કેશ
દુઃશાસનની છાતી લોહીઝાણ નીકળે !
થાય યુધિષ્ઠિરના પારખાં પ્રતિ પગલે
શકુનિઓ સદા જૂઠમાં રમમાણ નીકળે !

ઉદય ચંદ્રકાંત.


## પાથેય

### સત્યનું પ્રમાણપત્ર..!

જગતમાં સદ અને અસદની લડાઈ ચાલતી જ રહે છે.ઘણીવાર જૂઠાણાંનો જયજયકાર થતો લાગે.આદર્શો પોથીમાંના રિંગણા જેવા લાગે.એમ થાય કે મજા તો દૂર્જનોને જ છે.જે સારા હોય એની દશા સારી ના હોય..ભગવાનને પૂછવાનું મન થાય કે આવું કેમ ? આ બધાની વચ્ચે ધીમી પણ મક્કમ ગતિએ સત્ય અડીખમ બનીને ઝઝૂમવું રહે છે.અને કહેવાય છે કે છેવટે તો સત્યનો જ વિજય થતો હોય છે.એ માટે ધીરજ અને નિષ્ઠાની જરૂર પડતી હોય છે.કૌરવો ગમે તેટલા સજજ થઈ આયુધો ધારણ કરતા રહે.એની પાછળ કપટ છુપાયેલું હોવાથી અણીના સમયે બધાં શસ્ત્રો બુઠ્ઠાં બની જાય છે..અર્જુનના ગાંડીવ એક ટંકાર રણમેદાનમાં જયજયકાર કરી નાખે છે.એના બાણની પાછળ તપ છે,સાધના છે,સત્યનો સહારો હોય છે.એનો ટંકાર એટલે સત્યનું પ્રમાણપત્ર ! જુઠાણાને એક વખત જાકારો મળી જાય પછી એના બુરા હાલ થતા હોય છે.જે રીતે મહાભારતમાં અર્જુનની શકિતઓ સોળે કળાએ ખીલી ઉઠે પછી રણમેદાનમાં કૌરવોની સેનાનો કચ્ચરઘાણ નીકળી જાય છે. એ જ રીતે જ્યારે કોઈપણ બાબતનું સત્ય પ્રગટ થાય છે ત્યારે,એની સામે અસત્ય ટકી શકતું નથી. કાળાં ડિબાંગ વાદળોની વચ્ચેથી જ્યારે સૂર્યનો ઉદય થાય છે ત્યારે આકાશમાં ફેલાયેલું અંધારું મેદાન છોડીને ભાગી જતા કાયર સૈનિકો જેવું લાગે છે.આ હ સત્યની તાકાત છે.જો સત્યનો વિજય ના થતો હોત તો આપણું જીવન પણ ના હોત..પૃથ્વી શેષનાગની ફેણ ઉપર ટકી રહેલી છે.એ બીજું કંઈ નથી સત્યનો આધારનું કલપન છે.જો સત્ય ના હોય તો જગતને નામશેષ થઈ જતાં વાર ના લાગે.દુનિયામાં શક્તિશાળી કે પરાક્રમી માણસો કરતાં સત્યના ઉપાસકો હંમેશા મૂઠી ઊંચેરા સાબિત થતા રહ્યા છે..મહાભારતમાં આવા અસંખ્ય ઉદાહરણો છે.જેમ કે કૂડ અને કપટનીતિથી લાક્ષાગૃહનું સર્જન કરી અજ્ઞાતવાસમાં રહેલા પાંડવોને સળગાવી દેવાનો કૌરવોનો કારસો છેવટે નિષ્ફળ જાય છે.એનું ચિત્રણ જોવા જેવું છે.અણીના સમયે પાંડવોની મદદે ભગવાન શ્રીકૃષ્ણ આવી જાય છે.લાક્ષાગૃહમાંથી સહીસલામત રીતે નીકળી જતા પાંડવો સત્યની છડી પોકારતા હોય એવા લાગે છે ! આપણાં મહાકાવ્યો કે ધર્મગ્રંથો હંમેશાં સત્યના વિજયને કેન્દ્ર મસ્થાને રાખી નિરૂપણ કરતાં રહે છે. દ્રૌપદીનું ચિરહરણ કરી એને અપમાનિત કરનાર દુઃશાસન જ્યારે રક્તમાં તરફડતો હોય છે ત્યારે ,અસત્ય કેટલું પોકળ હોય છે એ પુરવાર થાય છે.સાચને આંચ આવતી નથી એની અનુભૂતિ થાય છે..શકુની જૂઠાણાનું પ્રતીક છે.જેને કોઈ પડકારી શકતું નથી.એ બેફામ બનીને વિહરતો રહે છે.ઘણીવાર એવું લાગે કે એ જ જાણે દુનિયા ચલાવે છે.એના ચહેરા ઉપરનૈ જૂઠાણાનો કૃત્રિમ ચળકાટ આપણી શ્રદ્ધાને ડગમગાવી જતો લાગે.આમછતાં એ હાસ્ય વચ્ચે છૂપાયેલી ખંધાઈ પરખાઈ જતી હોય છે.યુધિષ્ઠિર સત્યનું પ્રત્યેક બની જાય છે.આમ જોઈએ તો એમની પ્રતિપળ કસોટી થતી રહે છે.એ સતત સમસ્યાઓથી ઘેરાયેલા હોય એવું લાગે.એમના જીવનમાં હંમેશાં પડકારો અને મુશ્કેલીઓ જ આવતાં જ રહે છે.આ બધાની વચ્ચે અડીખમ રહી એ સત્યની ઉપાસના કરતા રહે છે.એ પછી એમનું જે વ્યક્તિત્વ નીખરે છે એની સરખામણી લાખો દુર્યોધનો ભેગા કરીએ તો પણ ના થઈ શકે! આવા યુધિષ્ઠિર સમગ્ર માનવજાત માટે ધર્મરાજા બનીને ઊભરતા હોય છે.આ છે તાકાત સત્યની.સત્ય હંમેશાં ઉપાસના માગે છે.ધીરજ માગે છે. આપણે જો વિશ્વાસ રાખીએ તો છેવટે સત્યનો જ વિજય થતો હોય છે.જગતની કોઈ આસૂરી તાકાત સત્ય ઉપર સવાર થઈ શકતી નથી..આ સધિયારો એ જ સૌથી મોટું સત્ય છે.

# મોહંમદ માંકડ : વિવિધતા તથા વ્યાપકતાથી હર્યુંભર્યું વ્યક્તિત્વ

ઘણાં વર્ષો પહેલા એક દિવસ પ્રિન્સિપાલ બનેસિંહજી ગઢવીનો ફોન આવ્યો. બનેસિંહજી ગુજરાત જાહેર સેવા આયોગના પણ સભ્ય હતા તેમજ



અમદાવાદ શહેરના તે સમયના કેળવણીકારોની યાદીમાં અગ્રસ્થાને હતા. ગઢવી સાહેબે જણાવ્યું કે મોહમ્મદ માંકડ સાહેબ મને મળવા માંગે છે. સ્વાભાવિક રીતે જ મેં વિવેક કર્યો કે તેઓ બંને આદરણીય વડીલો છે તેથી હું તેઓ સૂચવે તે સ્થળે તેમને મળવા માટે જઈ શકું છું. પરંતુ બંને મહાનુભાવોનો આગ્રહ હતો તેથી તેઓની સાથે એક ટૂંકી મુલાકાત થઇ. આ મુલાકાત સમયે જ મોહમ્મદ માંકડને પ્રથમ વખત જોયા. તેઓ મોટા ગજાના સર્જક છે તેથી કેવા હશે તેની મનમાં કેટલીક સાચી કે ખોટી કલ્પનાઓ હતી. તેમને જોયા પછી કોઈ અંદર તેમજ બહારથી સમાન સુંદરતા ધરાવતા સુગંધી વ્યક્તિત્વને જોયાનો આનંદ થયો. 'ફૂલ તો એની ફોરમ ઢાળી રાજી' એ કવિ મકરંદ દવેની જાણીતી ઉક્તીનું સ્મરણ થયું. સહેજ પણ આડંબર સિવાય સરળ રીતે વાત કરવાની તેમની છટા ઘણાં ઓછા લોકોમાં જોવા મળી છે. નવેમ્બર-૨૦૨૨માં જ તેઓ આપણી વચ્ચેથી ગયા. સાહિત્યના અનેક ભાવકોએ તેમના ખાલીપાનો અનુભવ જરૂર કર્યો હશે. ગુજરાત સાહિત્ય અકાદમીએ માંકડ સાહેબ પર સુંદર વિશેષાંક તૈયાર કર્યો. અકાદમીના અધ્યક્ષ ભાગ્યેશભાઈ જહા તેમજ જયેન્દ્રસિંહ જાદવ આ કાર્ય માટે આપણી પ્રશંસાના હકદાર બને છે. વિશેષાંકનો કેટલોક ભાગ વાંચતા પુનઃ માંકડસાહેબની મનમાં પડેલી છબી તાજી થઇ. તેમની મધુર સ્મૃતિ કદી ભૂલી શકાય તેવી નથી. એકાદ-બે મુલાકાતમાં જ કેટલાક લોકો આપણાં મન ઉપર અમીટ છાપ મૂકીને જાય છે. સદાકાળ સ્મરણમાં રહે તેવું મોહમ્મદ માંકડ નું નાનું પણ ભાવસભર કાવ્ય ભાઈ અનીસે ટાંક્યું છે. તે ફરી ફરી વાગોળવું ગમે તેવું છે. કાવ્યનું સુંદર શીર્ષક છે: 'અક્ષયપાત્ર'

એક એવું પાત્ર-
હું ઈચ્છા કરું ને એમાંથી વસ્તુ મળે.
ઈચ્છા કરું ને વહાલ મળે.
ઈચ્છા કરું ને હિમ્મત મળે
ઈચ્છા કરું ને સાંત્વન મળે.
અને, ઈચ્છા ન કરું તોયે પ્રેમ મળે.
એક એવું પાત્ર-
જે એમાં ન હોય તો પણ આપી શકે !
એ મારી મા હતી.

માંકડ સાહેબ આમ તો જન્મથી સૌરાષ્ટ્રના પરંતુ તેમનો વિકાસ તેમજ વિસ્તરણ સૌરાષ્ટ્ર-કચ્છની ભૌગોલિક સરહદોથી ઘણે દૂર સુધી થયું. તેમના જન્મનું ગામ પાળીયાદ(બોટાદ જિલ્લો) ધાર્મિક દ્રષ્ટિએ પણ વિખ્યાત છે.




કેટલાક લેખકોને પોતાનું સર્જક તરીકેનું સ્થાન નિશ્ચિત કરવામાં વર્તમાન-પત્રની કોઈક કોલમ ઉપયોગી થઇ હોય તેવો આપણો અનુભવ છે. પત્રકારત્વ એ ઉતાવળે લખાયેલું સાહિત્ય છે તેમ કહેવામાં આવે છે. પત્રકાર ક્યાં પૂરો થાય છે અને સાહિત્યકાર ક્યાં શરુ થાય છે તે નક્કી કરવું મુશ્કેલ છે. માંકડ સાહેબ પણ તેમની સુવિખ્યાત કોલમ 'કેલિડોસ્કોપ'થી એક વિશેષ ઓળખ ઉભી કરી શક્યા છે. ભગવતીકુમાર શર્મા કે હરીન્દ્ર દવે જેવા આપણી ભાષાના સર્જકોએ પણ વર્તમાનપત્રોના લેખક તથા સાહિત્ય લેખન વચ્ચેનું સપ્રમાણ અનુસંધાન કરી શક્યા છે, માંકડ સાહેબની અનુભૂતિ તેમજ અભિવ્યક્તિની એક વિશિષ્ટ છાપ તેમની કોલમના પ્રવાહમાંથી આપણાં સુધી પહોંચી છે. જગતને તેમણે જે રીતે જોયું છે તથા અનુભવ્યું છે તેવી બાબતોને એક કલાત્મક સ્વરૂપે તેમણે શબ્દોમાં ઉતારી છે. તેમાં ક્યાંયે કૃત્રિમતા નથી. બિનજરૂરી ચઢાવ ઉતાર પણ નથી. સાતત્યનું એક સુંદર સંગીત તેમાંથી પ્રગટ્યા કરે છે. સંસ્થાગત માળખાના માધ્યમથી પણ તેમણે સાહિત્યસેવા કરી છે. ગુજરાત સાહિત્ય અકાદમીના પ્રારંભિક ગાળામાં જ તેઓએ તેના અધ્યક્ષ તરીકેની ભૂમિકા ભજવી. સ્વાભાવિક રીતે જ અકાદમીના કેટલાક પાયાના કાર્યોમાં તેમનું મહત્વનું યોગદાન રહ્યું. તેઓ ખરા અર્થમાં કહી શકાય તેવા શિક્ષક તો હતા જ. સાથે સાથે ગુજરાત યુનિવર્સીટીના સેનેટ સભ્ય તરીકે તેઓ હાયર એજ્યુકેશનની ગતિવિધિઓ સાથે સક્રિય સ્વરૂપે જોડાયેલા રહ્યાં. ગુજરાત જાહેર સેવા આયોગના પણ તેઓ સભ્ય રહ્યાં. આ પ્રકારની સંસ્થઓમાં એક સર્જક વિશેષ મૂલ્યવર્ધન કરી શકે છે. આ બાબતમાં ગુજરાત નસીબદાર રહ્યું છે. ગુજરાતની યુનિવર્સીટીઓને ઉમાશંકર જોશી, ડો. પી.સી. વૈદ્ય કે ડોલરરાય માંકડ જેવા કુલપતિઓ મળ્યા છે. સંસ્થાઓનું ઘડતર આવા પુણ્યશ્લોક લોકોની ઉપસ્થિતિમાં બળવત્તર તથા અસરકારક થાય છે. માંકડ સાહેબ પણ આજ રીતે અનેક ક્ષેત્રોમાં પોતાની શક્તિથી યોગદાન આપતા રહ્યાં. ગાંધીનગરના એક તીર્થસ્થાન સમાન તેમનું નિવાસ્થાન બની રહ્યું. અનેક સાહિત્યકારો-ભાવકો માંકડસાહેબની માંદગી દરમિયાન તેમને મળતાં રહ્યાં અને કોઈક ભાથું મેળવતા રહ્યાં. માંકડ સાહેબનું યથોચિત સન્માન વખતોવખત થતું રહ્યું છે. ગુજરાતી સાહિત્ય માટે સુવિખ્યાત એવોર્ડ રણજિતરામ સુવર્ણચંદ્રક તેમને પ્રદાન થયો. સાહિત્ય પરિષદના વિશિષ્ટ સન્માનો તેમને મળ્યાં. આ બાબતો આવકારદાયક છે પરંતુ અનેક સજ્જનોનો સ્નેહ તેઓ મેળવી શક્યા અને જીવનભર જાળવી શક્યા તે બાબત ખુબ મહત્વની છે.

સાહિત્ય સર્જનમાં જેઓ જગતમાં સ્વીકૃતિ પામ્યા તેમાંથી મોટા ભાગના સર્જકોએ મહદઅંશે પોતાની આસપાસ બનતી ઘટનાઓ કે પાત્રોમાંથી જ પ્રસંગોને લીધાં હોય છે. દર્શકદાદા કહેતા કે જેમણે જીવનને તથા જગતને ઊંડાણથી જોયું છે તથા અનુભવ્યું છે તેમની કલમની પ્રતીતિના શબ્દો જ જગતમાં સ્થાયી થયા છે. સર્જકો કોઈ ઉપદેશકોની ભૂમિકાએ નથી. હૈયામાં પડેલો સહજ ભાવ તેમાંથી કલાત્મક અભિવ્યક્તિ તરીકે પ્રગટે છે અને જગત તેને ઝીલે છે. ધૂમકેતુ અલીડોસાની વાત લખે ત્યારે તેમાંથી પ્રગટતું સહજ સૌંદર્ય આપણી અંતરચેતનાને ઝંકૃત કરી જાય છે. આવા અનેક સહજભાવોની સુંદર અભિવ્યક્તિ મોહમ્મદ માંકડે જીવનભર કરી છે. આપણી માતૃભાષાને પોતાની આગવી છટાથી શણગારી છે.

મોહમ્મદ માંકડ હવે ગાંધીનગરમાં સદેહે નથી તેનો ખાલીપો અનેક લોકો અનુભવતા હશે. જો કે તેઓ તેમની સાહિત્ય કૃતિઓથી આપણી વચ્ચે હંમેશા જીવંત રહેશે .

# વરસાદી વાતાવરણ.... ભજિયા પાર્ટી... કોણ મહેમાન? કોણ યજમાન??

'સાથિયા નહીં જાના કે દિલ ના લાગે..... મૌસમ હૈ સુહાના કે દિલ ના લગે.....' રેડિયો પર આ ગીત વાગી રહ્યું હતું અને વાતાવરણ વરસાદી - ભીનું ભીનું હતું એટલે અમે કિચનના દરવાજે ઊભા રહી લલકાર્યું :

'મૌસમ હૈ બરસાદી કે
મન ભજિયાં ખાને કો કરે....!'

ને ત્યાં જ અંદરથી અમારાં કિચન ક્વિને છોડેલી મિસાઈલ આવી 'હા, તમારી દાઢોમાં બળના તો છે ને....'

'અરે પણ 'વાતાવરણ કહતા હૈ કિ આજ ભજિયા તો બનતા હૈ.... ગરમાગરમ ચા ઔર પકોડે.... સાથ બૈઠકર ખાયેંગે હમ દો અકેલે....''

આ સાંભળી રસોડાનું કામ પડતું મૂકી શ્રીમતીજીએ બહાર આવી કહ્યું : 'હવે ઝાઝા ફિલ્મી ને રોમાન્ટિક થવાની જરૂર નથી, હોં. ભજિયાં ખાવાં મળશે પણ પહેલાં શોપિંગે ધક્કો ખાઈ આવો, ઘરમાં ખલાસ થઈ ગયું છે તે મરચાં, કેળાં ને બેસન લઈ આવો...!' વાતાવરણની અસર હોય કે અમારી, શ્રીમતીજીએ પમ શાયરા અંદાજમાં પ્રાસ ગોઠવી, હુકમ કરતી બે લાઈન ફટકારી દીધી.

અમે સર્વે પ્રત્નીવ્રતા પતિદેવોની માફક અમે ય 'ચેઈન્જ' કહી, ગજવે મની પર્સ, હાથમાં થેલી ને પગમાં, 'પગરખાં' ગોઠવીને 'કૂચ કદમ' કરી... હજી થોડેક ગયા હોઈશું કે દૂર સામેથી લાલાકાકાની પીપ.... પી.... સંભળાઈ - 'પનુભાઈ, કયાં ઉપડ્યા એકલા એકલા ?' પકડાઈ ગયા ને !' હવે અમે જાણે લપાતાછૂપાતા કોઈ ક્રાઈમ કરવા જઈ રહ્યા હોઈએ એ પોલીસ પકડી પાડે એ અદાથી અંકલે બૂમ પાડી.

'અરે અંકલ.... કેમ છો?' અમે નજીક આવી ગયેલા રેડ અંકલને પૂછ્યું.

'એકદમ મજામાં.... પનુભાઈ, શોપિંગે ઉપડ્યા છો ને ? મને કેવી ખબર પડી ગઈ !' પાછું અંકલે ડિટેકટિવની અદાથી કહ્યું....

હવે વ્યક્તિના હાથમાં થેલી હોય, એ ચાલતી જતી



હોય ને શોપિંગ તરફ જતી હોય તો કોઈ પણ શકે પણ અંકલની અદા જ આગવી. અમને ચિંતા એ પેઢી કે ભલે અંકલને અમારા શોપિંગ જવાની જાણ થઈ ગઈ પરંતુ અમે શું ને કેમ ખરીદવા જઈએ છીએ એ જાણી જશે તો અમારાં બે જણાને નિરાંતે બેસીને ગરમાગરમ ચા - ભજિયાં ખાવાના પ્રોગ્રામને કદાચ અંકલરૂપી આફત નડી શકવાની પૂરી સંભાવના છે !

'હા.... તમેય અંકલ શોપિંગે જઈને જ આવી રહ્યા છો, ખરું ને ?' કાકાના હાથમાં રહેલી થેલીમાંથી ડોકિયાં કરી રહેલી દૂધીનાં ડિંટિયા જોઈ વાત બદલતા અમે પૂછ્યું.

'હા... પણ ચાલો હું તમને કંપની આપવા ફરી આવું..... શોપિંગે....'

રેડ અંકલે મૂકેલી ઓફર રીજેક્ટ કરવાના આશયથી અમે કહ્યું, : અરે પણ કાકા, તમે હમણાં જ જઈને આવ્યા છો તો.....'




'કેમ, બીજી વાર આવું એણાં તમને વાંધો છે ? શોપિંગના દુકાનદારોને વાંધો પડશે ? મોડું થશે તો મારે થશે, પગ દુઃખશે તો મારા દુઃખશે....'

અંકલની આવી ફાસ્ટ બોલીંગ સામે બેટિંગ કરવાની અમારી હિંમત ન હતી એટલે ના છૂટકે, મોં પરાણે હસતું રાખીને કહેવું પડ્યું : 'અરે એમાં વાંધો શું હોય ? ચાલો, તમારી કંપની ગમશે ?!'

ને પછી અમારા બંનેની યાત્રા આગળ વધી.

'પનુભાઈ, કહેવત છે કે ગરજે એ વરસે નહીં.... પણ ગઈ કાલે રાત્રે પડેલા વરસાદે આ કહેવતને સાવ ખોટી ઠેરવી.... કેવો સખત ગાજતો રહ્યો ને ધોધમાર વરસતો પણ હતો....'

'સાચું કહ્યું અંકલ.... હવે આ એક જ નહીં ઘણી કહેવતો ખોટી ઠરે એવું જોવા મળે છે.'

'જેમ કે ?' લાલાકાકાએ જાણવા પૂછ્યું.... પણ અમારાથી એમને કહેવાય એમ ન હતું કે કહેવત ભલે હોય કે ? બોલે એના બોર વેચાય' .... પણ ઘણા બહુ બોલ બોલ કરીને 'બોર' કરતા રહે છે એનું શું !'

ત્યાં શોપિંગ આવી ગયું.... અમે કરિયાણા વાળાને ત્યાંથી પેકેડ બેસન ખરીદ્યું... ખરીદ્યું અમે અને 'તાજુ છે ? ઓરિજિનલ છે....છાપ્યા એટલા પૈસા થોડા આપવાના હોય...' જેવી માથાકૂટ અંકલે કરી. ત્યાંથી શાકભાજીની લારી પર જઈ અમે મરચાં, કેળાં, ડુંગળી લીધાં.... આ જોઈ ચકોર અંકલ સમજી ગયા અને બોલ્યા : 'અરે વાહ... ભજિયાંનો પ્રોગ્રામ છે, ખરું ને ? સરસ.... પણ પનુભાઈ, કહેવત ખબર છે ને કે .... એકલા એકલા ખાય એને ગાલ પચોળિયું થાય....?'

'હા...' અમે થોડા મૂંઝાયા.... પછી ઉત્તર આપ્યો : પણ અંકલ, હું એકલો એકલો ક્યાં ખાવાનો છું... અમે બંને સાથે ખાવાનાં છીએ એટલે ગાલ પચોડિયું નહીં થાય....' પણ પછી વિવેદ કરવો પડ્યો : 'અરે કાકા, તમેય જરૂર જોડાઈ શકો છો અમારી ભજિયા પાર્ટીમાં !!'

આ સાંભળી મફતિયા જયાફતના વિચારે કાકાનો ચહેરો ખીલી ઊઠયો.... એ કંઈક કહેવા જતા હતા ત્યાં જ શ્વાસભેર આવેલા એમના પડોશીના છોકરાએ કહ્યું : 'દાદા, કાકીએ કહેવડાવ્યું છે કે ઘરે એમાં ભાઈ-ભાઈ આવ્યા છે ને તમે શોપિંગેથી ચણાનો લોટ ને ડુંગળી,મરચાં, કેળા લઈને ઝટ ઘરે પહોંચો..... મહેમાનોને ભજિયા ખવડાવવાનાં છે !!'

'હેં !!' અચાનક અમારી ભજિયાં પાર્ટીના મહેમાનોમાંથી પોતે પોતાના ઘરના ભજિયા પાર્ટીના પોતે યજમાન થઈ ગયાના દુઃખો વિચારે, અવાક્ થઈ ગયેલા અંકલે વધુ કંઈ ના બોલી શક્યા !!

# પરાક્રમી પ્રજાપ્રેમી અને પ્રભાવશાળી સમ્રાટ

આ શું થયું ? ઋતિઓ ચિંતામાં પડી ગયા. અયોધ્યાના મહારાજ યુવનાશ્વ નિઃસંતાન હતા. ઋષિઓએ એમના માટે યજ્ઞ કર્યો. આ સૂર્યવંશી પ્રતાપી રાજા યુવનાશ્વને પુત્ર તો જન્મ્યો - પરંતુ



એને માતાનું દૂધ ના મળે, એવા સંયોગો હતા. દેવરાજ ઈન્દ્ર ઋષિઓની મુંઝવણ પામી ગયા. બાળક પણ રડવા માંડ્યું. અંગૂઠા પાસેથી આંગળી તર્જની છે. ઈન્દ્રે બાળકના મુખમાં આંગણી મૂકી અને કહ્યું, 'તું આ મારી આંગળી તર્જનીને ધારણ કર.' 'મામ્ ધાતા.' આંગળીમાંથી દૂધ ઝમવા માંડ્યું. આ રીતે એને પોષણ મળ્યું. આથી એનું નામ પડી ગયું 'માન્ધાતા.'

યુવનાશ્ન પછી, માંધાતા અયોધ્યાના મહારાજ થયા. અતિશય પરાક્રમી અને અત્યંત સદ્ગુણી. માંધાતા ચક્રવર્તી


**આભાર દર્શન....**

**ત્રીજી જુલાઈ ગુરુપૂર્ણિમાનું પાવન પર્વ છે. આ દિવસે લેખમાળા 'અમર વારસો' નવમા વર્ષમાં પ્રવેશે છે. આ નિમિત્તે, 'ગાંધીનગર સમાચાર' ના માનનીય તંત્રીશ્રી, શુભેચ્છક સહકર્મીઓ અને સહૃદયી વાચકોનો અંતઃકરણપૂર્વક આભાર.**

સમ્રાટ થયા. એના રાજયનો વિસ્તાર સાહજિક રીતે જ થતો. લોકો પ્રેમથી કહે - 'આનો પ્રભાવ ભારે. જયાં સુર્યના કિરણો જતાં હોય, ત્યાં સુધી આનું રાજય ફેયાયેલું છે.'

માંધાતા પ્રજાવત્સલ પણ એવા જ. અયોધ્યાના દરેક નગરજનને પોતાનું સંતાન જ માને. પ્રજાને એના માટે પોતાના પિતા જેવું સન્માન.

પરંતુ - એકવાર, કોણ જાણે, કાળે કેવી કરવટ બદલી? માઠી દશા બેઠી. વરસાદ પડતો બંધ થઈ ગયો. એક વરસ, બે વરસ, ત્રણ વરસ, ત્રણ ત્રણ વરસ વરસાદ ન પડે, તો દશા કેવી ખરાબ થાય ? લોકો ત્રાસી ગયા. દુષ્કાળે અયોધ્યાને બરડો લઈ લીધો હતો.




રાજાએ નગરજનોની સભા બોલાવી, અને સંબોધન કર્યું - રાજા કાલસ્ય કારણમ્. તમે બધા હેરાન થાવ છો, એનું કારણ હું છું. મારાથી કોઈક પાપ થયું છે, તેની સજા તમે ભોગવો છો.' સભા બરખાસ્ત થઈ ગઈ.

હવે રાજાએ નગર બહાર વનમાં પ્રસ્થાન કર્યું. અહીં બ્રહ્મર્ષિ અંગિરાનો આશ્રમ હતો. અંગિરા તો મંત્રદેષ્ટા મહાન ઋષિ. રાજાએ પ્રમાણ કર્યા, અને પોતાની સમસ્યા કહી. ઋષિએ સૂચન કર્યું - મને લાગે છે - જેને તપનો અધિકાર ન હોય, એવું કોઈ તપ કરી રહ્યું છે, એને તું વધદંડ આપ.' રાજાએ સવિનય ઈન્કાર કર્યો. 'દરેક નગરજન મારું પોતાનું સંતાન છે, એને હું આ રીતે વધદંડ કરું, કોઈ બીજો ઉપાય બતાવો.'

અંગિરા ઋષિએ ઉપાય બતાવ્યો. 'આવતી કાલે અષાડ સુદ અગિયારસ છે. ભગવાન સૂર્ય કર્ક રાશિમાં પ્રવેશશે. તું આ અગિયારસનું વ્રત કર. બ્રાહ્મમુહુર્તમાં ભગવાન વિષ્ણુનું પૂજન કર. એમને શ્વેત વસ્ત્ર પહેરાવ. શયન આપ. ઉપવાસ કર. જાગરણ કર. બારસે પારણા કર.' રાજાએ રાજી થઈ ને વિદાય લીધી.

રાજા અને પ્રજાનો સંબંધ કેવો અદ્ભૂત ? અયોધ્યાની પ્રજા દુકાળનો માર સહન કરી શકતી ન હતી, ઊચાળા ભરવાનું વિચારતી હતી. એમને ખબર પડી - 'રાજા આપણે માટે એકાદશી કરવાના છે.' એટલે અયોધ્યાના દરેક નગરજનો નિર્ણય કર્યો - 'આપણે સૌ એકાદશી કરીએ.' આખ્ખું અયોધ્યા ધુમાડા બંધ !

અને પછી વાત જ શી કરવી ? વરસ્યો મેઘો અનરાધાર ને ધમધોકાર !!!!